## મહાજ્ઞાની : મહાતપસ્વી : વાત્સલ્યવારિધિ

# પૂજ્ય આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ

દીક્ષા અંગીકાર કર્યા પછી માત્ર ૧૩ વર્ષ બાદ, કેવળ ૨૮ વર્ષની કોમળ વયે આચાર્યપદવીથી વિભૂષિત કરવામાં આવે, એ એક અસાધારણ ઘટના કહેવાય. અને સાથોસાથ ન્યાય–વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, સિદ્ધાંતમાર્તંડ અને કવિરત્ન જેવી પ્રત્યેક ક્ષેત્રની મહાન પદવીઓથી નવાજવામાં આવે એવી લબ્ધપ્રતિષ્ઠ મહામના વિભૂતિ માનવદેહ રૂપે ચમત્કાર જ ગણાય! એ મહામના તે વાત્સલ્યવારિધિ સંઘનાયક પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

સૌરાષ્ટ્રના બોટાદ ગામે દશા શ્રીમાળી જૈન નરરત્ન શાહ હેમચંદભાઈનાં ધર્મપત્ની શ્રીમતી જમનાબાઈની કુક્ષીએ સં. ૧૯૫૫ના કારતક સુદ ૧૧ના દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકની વર્તમાન તેજસ્વિતા અને ભાવિના પુણ્યવંતા સંકેતો જોઈને નામ રાખવામાં આવ્યું નરોત્તમ. ઘરનું વાતાવરણ ધર્મમય હતું. પરિણામે નરોત્તમે બાલ્યકાળમાં જ પંચ-પ્રતિક્રમણ, જીવવિચાર આદિ કંઠસ્થ કરી લીધા. એમાં આ ધર્મવૃત્તિને પ્રોત્સાહિત કરે એવા બીજા મિત્રો પણ મળતા રહ્યા. આ મિત્રોમાં ત્રણ તો સંયમજીવનની ઝંખનાવાળા મળ્યા. ગુલાબચંદ, અમૃતલાલ અને લવજીભાઈ નામના એ ત્રણે મિત્રોએ સંયમ સ્વીકારી ત્યાગમાર્ગે આ. શ્રી વિજયઅમૃતસૂરિજી, આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી અને મુનિશ્રી ગુણવિજયજી નામે પ્રસિદ્ધ બન્યા. આ ચારે મિત્રોના હૃદયપરિવર્તન પાછળ પણ એક જ ગુરુદેવની–શાસનસમ્રાટની પ્રેરણા કામ કરી રહી હતી. સં. ૧૯૬૯માં શાસનસમ્રાટ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનું બોટાદમાં આગમન થયું. તેઓશ્રીનાં વ્યાખ્યાનોથી લોકોમાં અદ્ભુત ચેતનાનો સંચાર થયો. ગુરુદેવની રોચક વાણીથી અગણિત હૃદયોમાં વૈરાગ્યની ભાવનાનો ઉદય થયો; એમાં ઉપરોક્ત ચારે મિત્રો મુખ્ય હતા. સંયમ સ્વીકારવામાં કુટુંબની સંમતિ મળતી ન હતી. પરિણામે, સંસારથી–કુટુંબથી દૂર ભાગીને પણ દીક્ષા લેવાની દૃઢ મનોવૃત્તિ રાખી, પહેલાં નરોત્તમદાસ ભાગ્યા અને અમદાવાદ આવીને પૂજ્યશ્રીને સંયમ આપવા વિનંતી કરી. પરંતુ નરોત્તમભાઈને એ શક્ય નહીં લાગતા એમના વિદ્વાન શિષ્ય પંન્યાસશ્રી પ્રતાપવિજયજી પાસે જઈને સં. ૧૯૭૦ના મહા સુદ બીજના વળાદ (અમદાવાદ)માં ચારિત્ર લઈને પૂ. શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે દીક્ષા લીધી, અને નરોત્તમભાઈમાંથી મુનિશ્રી નંદનવિજયજી બન્યા. માતા–પિતા અને ભાઈઓના ધમપછાડા વચ્ચે તેઓશ્રી મેરુ સમાન અડગ રહ્યા. બે ચાતુર્માસ પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી મહારાજ સાથે કરી, પછી પોતાના તારક ગુરુદેવનાં ચરણકમળમાં ઉપસ્થિત થયા અને તેઓશ્રીની અવિરત સેવામાં તન્મય રહેવા લાગ્યા.

વિદ્યાભ્યાસ : ગુરુસેવા સાથે સાથે અધ્યયન–તપમાં પણ સતત મગ્ન રહેવા લાગ્યા. કાશીના પ્રકાંડ પંડિત શ્રી શશીનાથ ઝા પાસે ન્યાય, વેદાંત, દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત શ્રી મુકુંદ ઝા પાસે વ્યાકરણ અને સાહિત્યનો અભ્યાસ કર્યો. પૂ. ગુરુભગવંત પાસે આગમનું ઊંડું જ્ઞાન સંપાદન કર્યું. ઉપરાંત, જ્યોતિષશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રનો પણ સર્વાંગી અભ્યાસ કર્યો. અધ્યયન સાથે ગુરુસેવાનો આદર્શ આત્મસાત્ કર્યો હતો, તેથી ઉદયનંદનની જોડી ગુરુસેવાના દૃષ્ટાંતરૂપ બની રહી. તેઓશ્રીની વિદ્વત્તા પારખીને સં. ૧૯૮૦માં પૂ. શાસનસમ્રાટશ્રીએ પંન્યાસપદવીથી અલંકૃત કર્યા. આ પ્રસંગે સાક્ષર શ્રી આનંદશંકર ધ્રુવ અને મહાકવિશ્રી ન્હાનાલાલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિધિવિધાનથી પ્રભાવિત થયા હતા.

અજોડ વિદ્વત્તા : તેઓશ્રીની વિદ્વત્તાથી સર્વ પ્રભાવિત થતા. પૂજ્યશ્રી છએ દર્શનનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. જૈનસમાજના અગ્રગણ્ય પંડિતો–પંડિત શ્રી બહેચરદાસ દોશી, પં. ભગવાનદાસ, પં. હીરાભાઈ તથા પં. સુખલાલજી જેવા પણ એમની પાસે ચર્ચા માટે આવતા. તે સમયના ખંભાતના નવાબી રાજ્યના પોલીસ સુપ્રિટેન્ડન્ટ શ્રી બાપટ સાહેબ પણ કલાકો સુધી રોજ વેદાંતચર્ચા કરતા. એવી જ રીતે, જ્યોતિષશાસ્ત્રના પ્રકાંડ પંડિત જ્યોતિષાચાર્ય શ્રી ગિરજાશંકર મયાશંકર તો તેઓશ્રીને ગુરુ તરીકે જ માનતા હતા. પૂજ્યશ્રીની વિચારશક્તિ અને નિર્ણયશક્તિ અજોડ હતી જેને લીધે અનેક શાસનપ્રભાવનાનાં કાર્યોમાં તેઓશ્રીને સુપરિણામગામી સુયશ પ્રાપ્ત થયો. સં. ૧૯૯૦માં અમદાવાદમાં ભરાયેલ શ્રી રાજનગર જૈન શ્વે. મૂ. જૈનમુનિ સંમેલનમાં જરૂરી વિષયો અંગે નિર્ણય કરવા સમિતિ નીમી હતી. તે સમિતિના ૧૧ વિષયો વિશેના નિર્ણયને ચકાસવા માટે ચાર મુનિવરોને નીમવામાં આવ્યા હતા, તેમાં આપણા ચરિત્રનાયક આચાર્યશ્રી વિજયાનંદનસૂરિજી પણ હતા. શ્રી વીર પરમાત્માની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દી સમયે જાગેલા વાદ–વિવાદ અને વિરોધ–વંટોળમાં તેઓશ્રીની કુશાગ્ર બુદ્ધિશક્તિથી જ એ મહામહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યો હતો. એવી જ રીતે, સં. ૨૦૩૨માં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પર નવનિર્મિત બાવન જિનાલયનાં નિર્માણ અને પ્રતિષ્ઠાના પ્રસંગોમાં તેમનું માર્ગદર્શન જ સર્વમાન્ય રહ્યું હતું.

આચાર્યપદાલંકૃત : અપૂર્વ વિદ્વત્તાથી આકર્ષાઈને દસમે વર્ષે પંન્યાસપદથી વિભૂષિત કર્યા અને શાસનસેવાના અદમ્ય ઉત્સાહનાં દર્શન થતાં, તેમનાથી પ્રભાવિત થઈને દીક્ષાના તેરમે વર્ષે તો આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. સં. ૧૯૮૩માં રાજનગરના અગ્રણી શેઠશ્રી જમનાદાસ ભગુભાઈના આત્મશ્રેયાર્થે એમનાં ધર્મપત્ની માણેકબહેને પોતાના બંગલે મોટો ખર્ચ કરીને ૫૧ છોડનું ભવ્ય ઉજમણું કર્યું હતું. તે પ્રસંગે પૂ. શાસનસમ્રાટશ્રીએ રાજનગરના સંઘની વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રીને આચાર્યપદથી વિભૂષિત કર્યા, અને ચાર બિરુદોથી નવાજ્યા. આ પ્રસંગે ધ્રાંગધ્રાના મહાઅમાત્મ શ્રી માનસિંહજીએ હાજર રહીને આચાર્યશ્રીને કામળી ઓઢાડી સન્માન્યા હતા. ૨૮ વર્ષની નાની વયે આચાર્યપદ આપવામાં આવ્યું તેથી જૈનસમાજમાં ઊહાપોહ થઈ ગયો હતો. એમાં વિદ્યાશાળા અગ્રેસર હતી. તેના અગ્રણી શેઠ શ્રી મોહનભાઈ ગોકુલભાઈની વિનંતીથી આ નૂતન આચાર્યશ્રી ત્યાં વ્યાખ્યાન આપવા ગયા. અને એવો અપૂર્વ પ્રભાવ પડ્યો કે વિરોધ કરનારો શ્રોતાવર્ગ દિગ્મૂઢ બનીને સાંભળી રહ્યો. એટલું જ નહિ, એક મારવાડી ગૃહસ્થે તો પોતાની પાસેના તમામ રૂપિયા સભામાં ઉછાળીને આચાર્યશ્રી પ્રત્યે પૂજ્ય-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ વ્યક્ત કર્યો ! અને વિરોધ કરનાર વિદ્યાશાળાએ જ સર્વ પ્રથમ ચાતુર્માસ માટે વિનંતી કરી !

મહાન જીવનકાર્યો : પૂજ્યશ્રીએ સતત અભ્યાસમગ્ન રહીને અનેક ગ્રંથોની રચના કરી. જૈન સ્તોત્રસંગ્રહ, જૈન સિદ્ધાંત મુક્તાવલી, સૂરિસ્તવ-શતક, જૈન તર્કસંગ્રહ, શ્રી કદંબગિરિ સ્તોત્ર, બીજા કર્મગ્રંથની ટીકા (શ્રી સ્તવ-પ્રકાશ), ચોથા કર્મગ્રંથની ટીકા (ષડ્શીતિ પ્રકાશ), સમુદ્ઘાતતત્ત્વ, સ્યાદ્વાદરહસ્ય પત્રવિવેચન, પ્રતિષ્ઠાતત્ત્વ, શ્રી પર્યુષણપર્વતિથિવિનિશ્ચય, શ્રી પદ્માવતીસ્તોત્ર, શ્રી ગુજરાતી સ્તોત્રસ્તવનાદિ ગ્રંથો મુખ્ય છે. પૂજ્ય ગુરુભગવંતના સ્વર્ગવાસ સુધી અખંડ ૩૩ વર્ષ પર્યંત એકધારી સેવા કરનાર પૂજ્યશ્રીની ગુરુભક્તિ પણ અનન્ય કહી શકાય એવી હતી. બંને સમય પૂ. ગુરુભગવંતનું પડિલેહણ – સંથારો કરવો, કાપ કાઢવો, ગોચરી અને સુશ્રૂષા કરવી—એ તેમનો નિત્યક્રમ હતો. આ ઉપરાંત, ૬૫ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમિયાન પૂજ્યવરને હાથે સફળતાથી પાર પાડેલા શાસનપ્રભાવનાનાં કાર્યોની યાદી તો અત્યંત લાંબી બને તેમ છે. તેમાં, મહુવામાં શ્રી નેમિવિહાર પ્રાસાદ, શ્રી વાસુપૂજ્યસ્વામી દેરાસર, મારવાડમાં રાણકપુરજી મહાતીર્થ, અમદાવાદમાં હઠીસિંહની વાડીનાં ઐતિહાસિક દેરાસર, મહુવામાં શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ, પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજયની છાયામાં અસંખ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા અને અંજનશલાકાના અનેકાનેક મહોત્સવો તેઓશ્રી હસ્તે ઊજવાયા હતા. આ ઉપરાંત, અનેક મુનિવરોને ગણિ-પંન્યાસપદ અને ઉપાધ્યાય તેમ જ આચાર્યપદ અર્પણ કરવાના ઉત્સવો પણ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાયા હતા. અનેક તીર્થસ્થાનોથી સંઘયાત્રાઓ કાઢવામાં પૂજ્યશ્રી પ્રેરણાસ્થાને રહ્યા. એમાં સં. ૨૦૧૯ના કપડવંજથી શેઠ શ્રી રમણલાલ દિલ્હીવાળા તરફથી શ્રી કેશરિયાજી તીર્થયાત્રા–સંઘપ્રયાણ યાદગાર બનાવ હતો. આ સંઘમાં સેંકડોની સંખ્યામાં છ'રી પાળતો જનસમુદાય હતો !

તદુપરાંત, પ્રાચીન જિનાલયોનો જીર્ણોદ્ધાર, ગુરુમંદિરની પ્રતિષ્ઠા, અનેક વ્રત–જપ–તપની આરાધનાઓ, પૂ. ગુરુદેવના ‘શ્રી શાસનસમ્રાટ’ ગ્રંથનો ઉદ્ઘાટન–સમારોહ આદિ અનેકવિધ કાર્યોથી પૂજ્યશ્રીની જીવનરેખાઓ સપ્તરંગી બનીને ઝળકી રહી હતી ! સં. ૨૦૩૨ના માગશર વદ ૧૪ની સાંજે પૂજ્યશ્રી શત્રુંજય પ્રતિ અભિક્રમણ કરતા હતા ત્યારે ધંધુકા પાસે તગડી ગામે મહાપ્રયાણ કર્યું, ત્યાં સુધી સતત શાસનપ્રભાવનામાં મગ્ન રહ્યા ! આ વૃત્તિ–પ્રવૃત્તિના સુપરિણામરૂપ પૂજ્યશ્રી વિશાળ શિષ્ય–પ્રશિષ્ય પરિવાર પણ મૂકતા ગયા. પંન્યાસ શ્રી સોમવિજયજી તથા પંન્યાસ શ્રી શિવાનંદવિજયજી તેમ જ મુનિશ્રી અમરવિજયજી, અમરચંદ્રવિજયજી વાચસ્પતિવિજયજી આદિ મુનિવરો અને તેઓશ્રીના પણ શિષ્ય–પ્રશિષ્યની ભવ્ય પરંપરા પૂજ્યવરના ‘વાત્સલ્યવારિધિ’ બિરુદને મૂર્તિમંત કરે છે.

(સંકલનકર્તા : મુનિશ્રી વાચસ્પતિવિજયજી મહારાજ).

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org